# જેતપુર નવાગઢ નગરપાલિકા

જેતપુર નવાગઢ નગરપાલિકા કચેરી
"સ્વામી વિવેકાનંદ ભવન" ધોરાજી રોડ,
જેતપુર,પીન.૩૬૦ ૩૭૦

ફોન નં.(૦૨૮૨૩) ૨૨૦૦૪૨
ફેક્સ નં. (૦૨૮૨૩) ૨૨૭૫૨૫
ઈ–મેઈલ : np_jetpur@yahoo.co.in

## જાહેર નોટીસ

હુ સી.બી.રબારી ચીફ ઓફીસર,જેતપુર –નવાગઢ નગરપાલિકા આથી સર્વેને આ નોટીશથી જણાવુ છું કે પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ અન્વયે જ.બો.ઠ.નં. ૨૯ તા. ૨૬/૭/૨૦૧૮થી થયેલ નિર્ણય અનુસાર ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈની (કેરી બેગ્સ, કમ્પોસ્ટેબલ પ્લાસ્ટીક સહીત)તમામ પ્રકારનું પ્લાસ્ટીક જોખમકારક હોય જેના વપરાશમાં લેવામાં આવતા પાતળા પ્લાસ્ટીકના રેપર્સ જોખમકારક હોઈ, તેમજ આ હલકી ગુણવતાના પાતળા પ્લાસ્ટીક કપ, પ્લાસ્ટીકના તમામ પ્રકારના પાઉચ (પાણીના પાઉચ સહિત) પ્લાસ્ટીકની થેલીઓ, પાન/મસાલાના પ્લાસ્ટીકના પેકીંગ વેસ્ટેજનો યોગ્ય નિકાલ ન થવાથી વરસાદી ગટરોની કેચપીટોમાં એકત્રીત થાય છે જેથી પાણીનુ યોગ્ય વહન થતુ નથી અને પાણીનો ભરાવો થાય છે અને નાગરીકો દ્વારા પાતળી થેલીનો ઉપયોગ કરી જાહેર સ્થળો, બગીચા, ખુલ્લા પ્લોટો, રમત ગમતના મેદાન જયાં–ત્યાં ફેંકી દેવામાં આવે છે જેને કારણે જાહેર આરોગ્યને તથા પર્યાવરણને નુકશાન થાય છે તેમજ આવી થેલીઓ ગાય તથા અન્ય પશુઓ તે થેલીમાં રહેલ એઠવાડ પ્લાસ્ટીક થેલી સહીત ખાવાના કારણે મૃત્યુ પામે છે આથી આવી પ્લાસ્ટીક થેલીઓનો ઉપયોગ જાહેર આરોગ્યને નુકશાન કર્તા તથા ઉપદ્રવકારક છે.

જેથી જેતપુર–નવાગઢ શહેરની હદમાં ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટીક થેલીનુ ઉત્પાદન,સ્ટોક રાખવા,વેચાણ તથા ઉપયોગ કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું આ પ્રતિબંધ તા.૧/૯/૨૦૧૮ થી અમલી બનશે.

નગરપાલિકા હદ વિસ્તારમાં ૫૦ માઈક્રોન થી ઉપર (ચા પ્યાલી , પાણી પાઉચ, પાન ફાકીના પ્લાસ્ટીક સીવાય) પ્લા. ના ઝબલા કેરી બેગ વિગેરે પ્લાસ્ટીક બનાવટની વસ્તુઓનુ વેચાણ, વપરાશ, સ્ટોક કરનાર દુકાનકાર કે ફેરીયાઓએ નગરપાલિકામાં પ્રતિમાસ ઓછામાં ઓછા રૂા. ૪૦૦૦/– અથવા સ્થાનિક સંસ્થા દ્વારા નકકી કરવામાં આવે તે ફી ભરીને નગરપાલિકા પાસે રજીસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે અને ફકત આવા રજીસ્ટ્રેશન કરાવનાર જ પ્લાસ્ટીક ઝબલા કેરીબેગનો વેચાણ ઉપયોગ કરી શકશે આમ ફકત નોધાયેલ દુકાનદાર અને ફેરીયાઓજ ચીજવસ્તુઓના વિતરણ માટે ૫૦ માઈક્રોન કરતા ઓછી નહી તેવી પ્લાસ્ટીક કેરી બેગ (ઝબલા) નો વેચાણ ઉપયોગ કરી શકશે. અન્યથા નગરપાલિકા દ્વારા પ્રથમવાર દિ.૧ના રૂા. ૫૦૦૦/– બીજીવાર રૂા.૭૫૦૦/– તથા ત્રીજીવાર રૂા ૧૦૦૦૦/– સુધી દંડ વસુલવામાં આવશે. તેમજ ૫૦ માઈક્રોનથી ઉપરના ચા પ્યાલી, પાણી ના પાઉચ, પાન માવા પ્લાસ્ટીક ઉપર સદંતર પ્રતિબંધ મુકવામાં આવે છે જેનો વેચાણ વપરાશ કે સ્ટોક રાખવા બદલ દિ. ૧ નો રૂા. ૨૫૦ થી ૫૦૦૦/– સુધી નો દંડ વસુલવામાં આવશે

આ જાહેર નોટીશનુ ઉલ્લંઘન કરનાર સામે ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટીક માટે દિ. ૧ ના રૂા. ૧૦૦/– થી લઈ રૂા. ૩૦૦૦/– સુધી દંડ તથા ગુ.મ્યુ.એકટ અન્વયે તેમજ અન્ય જોગવાઈ હેઠળ પગલા લેવામાં આવશે અને જરૂર જણાયે સીઆરપીસીની કલમ–૧૩૩ હેઠળ જાહેર ન્યુસન્સ કરવા માટે જરૂરી ફોજદારી કાર્યવાહી માટે જેતપુર–નવાગઢ નગરપાલિકા દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.જેની ખાસ નોધ લેશો.

સી.બી.રબારી
ચીફ ઓફીસર
જેતપુર–નવાગઢ નગરપાલિકા
જેતપુર.

Scanned by CamScanner